Publication: Jaihind
Date: 30/11/2016
Page: 08

# શહેરમાં ઈવેન્ટ મેકર મેલાએ તેના પ્રવેશની જાહેરાત કરી

અમદાવાદ, તા. ૨૯

ભારતમાં પાયાની નવિનતા માટેની ઈવેન્ટ મેકરમેલાએ અમદાવાદમાં તેના ૨૦૧૭ માટેના પ્રવેશની જાહેરાત કરી. આ ઈવેન્ટ ૧૩-૧૫ જાન્યુઆરી દરમિયાન મુંબઈ ખાતે યોજાશે. મેકરમેલા સોમૈયા વિદ્યાવિહારની પહેલ છે અને આરઆઈઆઈડીએલ દ્વારા આયોજીત કરવામાં આવે છે. આ આર્ટસ, હસ્તકલા, એન્જિનિયરિંગ અને ડુ઼ઈટ્રસેલ્ફ (ડીઆઈવાય)ની સમૂહ ઉજવણી છે. જીવનના કાચા, અનન્ય અને બિનપરમપરાગત વિચારોને વિવિધ શ્રેણીમાં લાવવા માટેનું પ્લેટફોર્મ છે.

સમગ્ર ભારત અને વિદેશમાંથી ૨૦૦થી વધારે મેકર્સ આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે અને અંદાજે ૫૦,૦૦૦થી વધારે મુલાકાતીઓ આ ઈવેન્ટમાં હાજરી આપશે. જે મેકર્સ પસંદ કરવામાં આવશે તેમને રોકાણકારો સાથે પોતાના વિચારો સમજાવી ભંડોળ એકત્રીત કરવાની કર આપવામાં આવશે અને વૈશ્વિક અગ્રણીઓ પાસેથી માર્ગદર્શન મેળવી શકાશે.

સોમૈયા વિદ્યાવિહારના પ્રેસિડેન્ટ સમીર સોમૈયાએ જણાવ્યું કે, 'મેકરમેલા અનન્ય વિચારો અથવા ટેકનોલોજી સાથેના પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમને તેમના પ્રારંભિક વિકાસ તબક્કામાં માર્ગદર્શનની જરૂર છે. ઘણી વખત પડકાર એ સર્જકો માટે આગામી પગલું હોય છે. વિચારને આગળ લઈ જવું, તેને શેર કરવું, તેના માટે સહયોગી શોધવું અને સંભવિત અન્વેષણ કરવા માટે ભંડોળ મેળવવામાં મેકરમેલા સક્રીય ભૂમિકા ભજવે છે.'